# પંખ®

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન

અંક ૬૧ | એપ્રિલ ૨૦૨૨



આ પૃથ્વી આપણને આપણા પૂર્વજો પાસેથી વારસામાં નથી મળતી,
પરંતુ આપણને આપણા સંતાનો પાસેથી એ ઉધારીમાં મળે છે.

- એક અમેરિકન કહેવત

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદ્દુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.

# સંપાદકની કલમે



## યાજ્ઞિક વઘાસિયા

## પૃથ્વી અને આપણે

હજી હમણાં જ 'વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day) ગયો. ક્યારેય તમે વિચાર્યું કે, "આ પૃથ્વી પર આપણો જન્મ કેમ થયો?" મહાત્રયા રા લિખિત એક પુસ્તક અપ્રેષિત પત્ર ('Unposted Letter'નું ગુજરાતી અનુવાદ)માં મેં વાંચેલું કે, "આપણા બાળકો માટે આપણે જ કુરાન છીએ, જેને તે પોતાના જીવન દરમિયાન વાંચશે. આપણે જ વેદ છીએ, જેને તેઓ જોશે. આપણે જ બાઇબલ છીએ, જેની અનુભૂતિ તેઓ કરશે. આપણે જ તેમનો ધર્મ છીએ, જેને તેઓ અનુસરશે. તમારું જીવન અને મારું જીવન તેમને માટે કાં તો ચેતવણી બનશે અથવા તો ઉદાહરણ બનશે. હું જાણું છું કે આ એક મોટી જવાબદારી છે. પણ તેના સિવાય આ ધરતી પર તમે તેમની પહેલા શા માટે આવ્યા હતા, તે કેમ સમજાવી શકશો?" આપણે આપણી પેઢી પાસેથી આ સમય અને સ્થળ ઉધાર લીધેલ છે, જે આપણે એમને પાછું દેવાનું છે. ને ઉધારીમાં લીધેલી વસ્તુ જો આપણે નુકશાન કરીને આપીએ, તો આપણી એક માણસ તરીકેની વિશ્વનીયતા જોખમાય નહીં? ક્યારેય વિચાર્યું છે આવું?

આ પૃથ્વીને આપણે રહેવાલાયક કેટલી રાખી છે? બીજું બધું બાજુમાં મૂકીને આ પૃથ્વી આપણે સાથે મળીને આપણા માટે અને આપણી આવનારી પેઢીઓ માટે રહેવા માટે એક વધુ સારી જગ્યા બની રહે, એ માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ. તો જ કદાચ આ 'અર્થ' પર જન્મવાનો આપણો 'અર્થ' નીકળશે, ખરું ને?

'પંખ'નો આ એકસઠમો અંક છે. અનિવાર્ય સંજોગોને લીધે અમુક કોલમો આમાં સમાવી શકાયી નથી. ગરમી સખત વધી રહી છે. પશુ-પક્ષીઓને પાણી અને ખાવાનું આપતા રહેજો, જેથી એમને એ માટે ભટકવું ના પડે. તમારા દ્વાર સુધી આવતા સફાઈ કામદાર હોય, પોસ્ટમેન હોય કે કોઈ ફેરિયાઓ - એમને શરબતનું નહીં તો કંઈ નહીં, પણ પાણીનું ચોક્કસ પૂછજો. ગ્લોબલ વોર્મિંગને લીધે જે 'અર્થ' ગરમ થઇ ગઇ છે, એને આ રીતે કોઈ સાથે 'વૉર્મ' બીહેવ કરીને ઠંડી પાડી શકાય તો એનાથી રૂડું બીજું શું હોય?

આ અંક વાંચીને પ્રતિભાવો જરૂર દેજો. કોઈ લેખકમિત્રોને 'પંખ' સાથે જોડાવવું હોય તો અમને મેસેજ કરજો



ડૉ. રંજન જોષી


## શ્રવણ

"શ્રવણ, હું આ બધું સહન કરીને થાકી ગઈ. હું મરી જઈશ તો પણ તું કંઈ નહીં બોલે ને! તારું તો નામ જ શ્રવણ છે. શ્રવણ બન ને શ્રવણ કર. પણ બસ... મારાથી નહીં થાય હવે..."

સંયુક્ત કુટુંબથી બે મહિનામાં જ કંટાળી ગયેલી શ્રવણ સાથે લવમેરેજ કરીને આવેલી શિખા બરાડી. ઠંડા બરફ જેવા સ્વરે શ્રવણ બોલ્યો, "સાંભળી લેવું અને સંભાળી લેવું, એ દરેક વ્યક્તિના ગજાની વાત નથી હોતી."

ભાઈ-ભાભીના છૂટાછેડા પછી કથળી ગયેલી પોતાના ઘરની સ્થિતિ શિખાની નજર સામે તરવરી રહી. તેણે ઠંડા પાણીનો આખો ગ્લાસ ગટગટાવી શ્રવણ સામે માનભરી નજરે જોયું.





ભગવતીકુમાર શર્મા

## ગઝલ

કોમળ છું, કાંટાળો છું; માણસ જેવો માણસ છું.
પોચટ છું, પથરાળો છું; માણસ જેવો માણસ છું.

આકાશે અણથક ઊડવું, આ ધરતી પર તરફડવું;
ઘાયલ છું, પાંખાળો છું; માણસ જેવો માણસ છું.

આંખે અશ્રુની ધારા, હોઠે સ્મિતના ઝબકારા;
ખુલ્લો છું, મર્માળો છું, માણસ જેવો માણસ છું.

ધિક્કારું છું હું પળમાં, પ્રેમ કરું છું હું પળમાં,
આશિક છું, કજિયાળો છું; માણસ જેવો માણસ છું.

ચોમાસે પાણી પાણી; ચૈત્રે લૂ ઝરતી વાણી;
ભેજલ છું, તડકાળો છું; માણસ જેવો માણસ છું.

શ્વાસોની મનભર માયા, મૃત્યુની નિશદિન છાયા;
ક્ષણક્ષણનો તરગાળો છું,માણસ જેવો માણસ છું.




બંસરી જોષી


## મઝધારે (ભાગ-૪)



**દ્રશ્ય: ૯**

***

"મે વી કમ ઇન ડોક્ટર?"

સામે બેઠેલા ડોક્ટર વીણા શર્માએ 'હા'માં માથું ધુણાવ્યું, એટલે પોતાની મમ્મીને લઈને પવિત્રા અંદર પ્રવેશી. ડોકટરની કેબિનમાં વર્તાતી એ.સી.ની ઠંડી હવાથી વિસ્મયા પોતાના બે હાથ સંકોડીને પોતાની સીટ પર બેસી ગઈ અને ચારેતરફ અચરજથી જોતી રહી.

"હેલો મેમ, હું પવિત્રા અને આ મારા મમ્મી વિસ્મયાબેન...." ઓળખાણ આપતા પવિત્રાએ નમ્રતાપૂર્વક વાત શરૂ કરી.

"મેમ, છેલ્લા કેટલાક દિવસોથી મમ્મી સાથે કંઈક વિચિત્ર ઘટનાઓ બની રહી છે. માત્ર મમ્મી સાથે જ નહીં, પણ અમારી માટે પણ મમ્મીનું આવું ગડમથલવાળું વર્તન ખૂબ જ અચરજ પમાડે તેવું હોય છે. કોઈકવાર મમ્મી બિલ્ડિંગની લિફ્ટના બટન ખોટા દબાવી દે છે. કોઈકવાર સાડીને બદલે ડ્રેસ પહેરીને સામે આવી જાય છે. કોઈકવાર અંબોડાની બદલે બે ચોટલા વાળી લે છે અને ક્યારેક માર્કેટમાં એકના એક ફળ અને શાકભાજી ફરી ફરી ખરીદીને બે ગણા પૈસા ચૂકવીને આવી જાય છે. મારા પતિ સુબોધને જ્યારે મેં આ વિષય અંતર્ગત થોડું જણાવ્યું તો એમના કહેવા પ્રમાણે કદાચ મમ્મીને 'અલ્ઝાઈમર' અથવા 'ડિમ્નેશિયા' હોઈ શકે. શુ ખરેખર એવું થતું હશે ડોક્ટર?" પવિત્રા એકી શ્વાસે બધુ બોલી ગઇ.

ડો. વીણા શર્માએ આશ્વાસનભર્યા સ્વરે પવિત્રાને કહ્યું, "જુઓ પવિત્રા, તમે ચિંતા ન કરશો. હજી કોઈ જ નિષ્કર્ષ પર ન પહોંચો. પ્રથમ મારે એમની સાથે થોડી વાતચીત કરવી પડશે અને થોડા મગજના પરીક્ષણ કરવા પડશે. પછી જ હું કોઈ નિર્ણય પર પહોંચી શકીશ."

વિસ્મયા આ સંવાદમાં કોઈ જ રસ દાખવ્યા વગર પોતાની સાથે લાવેલી તુલસીની માળા ફેરવવામાં મગ્ન હતી. એક એક મણકા સાથે એ આંકડા પણ બોલતી જતી હતી.

"૧૦૧.. હરિ ૐ. ૧૦૨.. હરિ ૐ. ૧૦૩.. હરિ ૐ." અને પછી ૧૦૪ પર આવતા એ અટકી ગઈ. કદાચ આગળનો આંકડો કયો આવે એ વિચારમાં એ અટવાઈ ગઈ. ડોક્ટરે પૂછ્યું.

"શું થયું વિસ્મયાબેન? બોલો બોલો આગળ. ૧૦૩ પછી શું આવે?"

"૧૦૧..૧૦૨..૧૦૩..૧૦૩..૧૦૩..." આગળનો આંકડો એ બોલી જ નહોતા શકતા. આખરે ચીડાઈને એમણે તુલસીની માળા જ ફેરવવાનું બંધ કર્યું અને પોતાના પર્સમાં મૂકી દીધી. પવિત્રા આ બધું જોઈને વધુ ભાંગી પડી. ડોક્ટરે એમને આશ્વાસન આપતા કહ્યું, "લક્ષણો તો એનાં જ જણાઈ રહ્યા છે. પણ છતાંય તમે આ ત્રણ પરીક્ષણ કરાવી લો. રિપોર્ટ કાલે આવી જશે પછી આપણે આગળની ટ્રીટમેન્ટ પર વાત કરશું." -એટલું કહી ડોક્ટરે એમના મગજની સ્થિતિ સમજવા માટે ત્રણ પરીક્ષણોની સૂચિ કાગળ પર લખી પવિત્રાને આપી દીધી. પવિત્રાએ જણાવ્યા મુજબના મમ્મીના ત્રણેય પરીક્ષણ કરાવી લીધા અને ત્રણેય પરીક્ષણના સેમ્પલને સોંપી, બેઉ મા-દીકરી ઘરે પરત ફર્યા.

દ્રશ્ય:૧૦

***

ઘરે પહોંચતા ઘણું મોડું થયેલું એટલે સુરમ્ય અને સુબોધ તો સૂઈ જ ગયા હતા. વિસ્મયા પણ પોતાના રૂમમાં જઈને સૂઈ ગઈ. પવિત્રા પણ ખૂબ જ થાકી ગયેલી એટલે બેઠકરૂમના સોફા પર જ એણે માથું ટેકવી દીધું. માથું ટેકવવાની થોડી પળોમાં જ થાકના કારણે એ પણ ઘેરી ઊંઘમાં સરી ગઈ. ઊંઘમાં સરતા એ સપનાની દુનિયામાં ખોવાઈ ગઈ.

એક વિશાળ મહાસાગરની વચ્ચોવચ નાવડી લઈને એ કોઈ દરિયાઈ પ્રવાસે નીકળેલી. એ પૂરા જોર સાથે હલેસા મારી રહી હતી. નાની એવી પોતાની નાવડીના સઢનાં થાંભલાની ટેકે એની માં પણ બેઠી હતી. મહાસાગરની મધ્યમાં પહોંચતાં અચાનક ચક્રવાત આવ્યો અને નાવડી હિલ્લોળા લેવા લાગી. સૂસવાટા એટલા તીવ્ર વેગવાળા હતા કે નાવડી એ થપાટો ઝીલી નહોતી શકતી.



તેજ પવનને લીધે નાવડી વધારે હાલક-ડોલક થવા લાગી. હજી તો એ કંઈક સમજી શકતી ત્યાં તો એક વંટોળિયો આવ્યો અને નાવડીને ફંગોળી ગયો.

'ઓહ... મા...' એ ઉદગાર સાથે પવિત્રા સફાળી જાગી ગઈ.

એનું હ્રદય જોરજોરથી ધબકવા લાગ્યું. સપનાનું જગત અને વાસ્તવિક જગત ક્યાંક એકરૂપ તો નહીં થઈ જાય ને એ ભયથી એ ધ્રૂજી ઉઠી. પોતાના અશાંત મનને શાંત કરવા એણે માટલામાંથી પાણીનો લોટો ભર્યો. "સપનું હતું એ તો.." -એમ મનોમન બબડી અધ્ધર થયેલા પોતાના જીવને શાંત પાડ્યો.

ચા અને નાસ્તો તૈયાર કરવા એ રસોડામાં ગઈ પણ ત્યાં પણ મમ્મીના વિચારોમાં અટવાતી રહી.

"શું આવ્યું હશે મમ્મીના પરીક્ષણનું પરિણામ?" એ વિચારમાં ને વિચારમાં નાસ્તા માટે બનાવેલા ઘણાં થેપલા દાઝી ગયા હતા. છતાં જેમ તેમ કરીને કામ આટોપ્યું. બધા નાસ્તો કરવા ટેબલ પર ગોઠવાઈ ગયા. સુબોધ દાઝેલા થેપલા જોઈને કળી ગયો કે પવિત્રા મમ્મીની બાબતે ઘણી ચિંતામાં છે. સુબોધે ચૂપચાપ નાસ્તો કરી લીધો પણ જતાં જતાં એણે પવિત્રાને આશ્વાસન આપતા કહ્યું કે, "તું ચિંતા ન કર. જે કંઈ પણ પરિણામ આવે. તું મને ઓફિસમાં જ ફોન કરજે. આગળ શું કરવું એ આપણે એ મુજબ નક્કી કરીશું."

**દ્રશ્ય:૧૧**

***

હોસ્પિટલ પહોંચતા જ નર્સે કહ્યું કે ડો.વીણા શર્માએ એમને તરત જ બોલાવ્યા છે. પવિત્રા ગભરાયેલા મને પોતાની મમ્મી સાથે કેબિનમાં પહોંચી. બેઉ માં-દીકરી એક એક સીટ પર ડોક્ટરની સામે ગોઠવાઈ ગયા. વિસ્મયાએ કાલની માફક જ ફરીથી તુલસીની માળા કાઢી અને કરવા લાગી.


ડોક્ટરે જરા ગંભીરતાપૂર્વક કહ્યું, "જુઓ પવિત્રા... તમારી મમ્મીનું પરિક્ષણ પોઝિટીવ આવ્યું છે. શી ઇઝ સફરિંગ વિથ અલ્ઝાઇમર...એમનું મગજ ખૂબ સંવેદનશીલ સ્તરમાંથી પસાર થઈ રહ્યું છે. કોઈ ઘેરો આઘાત તેમના મનમસ્તક ઉપર લાગેલો છે. જેને કારણે તેઓ સતત ઘેરાયેલું અનુભવતા રહે છે. સ્મૃતિભ્રમ થવો એ આમ તો વૃદ્ધાવસ્થામાં સાહજિક હોય છે, પણ તમારી મમ્મીની બીમારી થોડી વધુ ગંભીર છે. તમારે ખૂબ જ સાવચેતીપૂર્વક હવે એમની સંભાળ રાખવી પડશે. એવું બને કે જમી લીધા પછીના કલાકમાં જ એ બીજી વાર જમવાનું માંગે. કદાચ ત્રીજીવાર પણ માંગે. કારણકે તેમના શરીરનું અનુબંધ મસ્તિષ્ક સાથે

તાલમેલમાં નથી, એટલે એ મગજ દ્વારા આપવામાં આવતા જરૂરી સંદેશાઓને વાંચી નથી શકતું. ઉલટુ એનાથી તદ્દન વિપરીત ક્યારેક એ બધું જ કરશે. ઘરની બહાર પણ તમે એમને બિલકુલ એકલા ન છોડશો. એકવાર ભ્રમનાં ઘેરાવામાં આવ્યા પછી કદાચ એ રસ્તાની વચ્ચોવચ ખોવાયેલું મહેસૂસ કરે અને ખોવાઇ પણ જાય. એમની નાની નાની ભૂલોને નજર અંદાજ કરી બિલકુલ ચિડાયા વગર ખૂબ જ સાવચેતી અને સાવધાનીથી તમારે તદ્દન નાના બાળકની જેમ જ એમનું પણ લાલનપાલન કરવું પડશે. તમે એક ખૂબ જ સમજુ અને સંવેદનશીલ દીકરી છો. તમે સમજી શકશો કે હું શું કહી રહી છું.“

ભીની ભીની આંખે પવિત્રા એ હા ભણી. દવાઓની સૂચિ લઈને એ પોતાની મમ્મીને વેઈટિંગ રૂમમાં બેસાડી દવાખાનાના જ મેડિકલ સ્ટોરમાંથી દવા લેવા ગઈ. દવા લઈને પરત ફરી તો મમ્મી ક્યાંય ના દેખાયાં. એને તો આંચકો જ લાગ્યો. "અરે ડૉક્ટરે કહ્યું હતું કે એમને ક્યાંય પણ એકલા નહીં છોડવાના. હે ભગવાન, શું કરી દીધું મેં ઉતાવળમાં?" મમ્મીને શોધવા હોસ્પિટલના એક ખૂણેથી બીજા ખૂણે એ હાંફળીફાંફળી દોડી રહી હતી ત્યાં અચાનક જ એક નર્સે આવીને કહ્યું કે, "બેન, તમારી મમ્મી તો હોસ્પિટલની બહાર ઊભેલી રીક્ષામાં બેઠા છે." દોડતી દોડતી પવિત્રા બહાર પહોંચી અને હજી તો બૂમ પાડે ત્યાં રીક્ષાવાળા ભાઈએ પોતાની રીક્ષા હંકારી દીધી...

"મમ્મી.... મમ્મી..." એ બૂમો પાડતી જ રહી ગઈ.

(વધુ આવતા અંકે...)





નયન દેસાઈ

ગઝલ

માણસ ઉર્ફે રેતી, ઉર્ફે દરિયો, ડૂબી જવાની ઘટના ઉર્ફે;
ઘટના એટલે લોહી, એટલે વહેવું એટલે ખૂટી જવાની ઘટના ઉર્ફે...

ખુલ્લી બારી જેવી આંખો ને આંખોમાં દિવસો ઊગે ને આથમતા;
દિવસો મતલબ વેઢા, મતલબ પંખી, મતલબ ઊડી જવાની ઘટના ઉર્ફે...

વજ્જરની છાતી ના પીગળે, આંસું જેવું પાંપણને કૈં અડકે તો પણ;
આંસુ, એમાં શૈશવ, એમાં કૂવો, એમાં કૂદી જવાની ઘટના ઉર્ફે...

પગમાંથી પગલું ફૂટે ને પગલાંમાંથી રસ્તાના કૈં રસ્તા ફૂટે;
રસ્તા અથવા ફૂલો અથવા પથ્થર અથવા ઊગી જવાની ઘટના ઉર્ફે...

ચાલો સૌ આ સંબંધોની વણજારોને બીજે રસ્તે વાળી દઈએ,
સંબંધો સમણાંનાં ઝુમ્મર, ઝુમ્મર યાને ફૂટી જવાની ઘટના ઉર્ફે...

છાતીમાં સૂરજ ઊગ્યાનો દવ સળગે ને સૂરજ તો એક પીળું ગૂમડું,
ગૂમડું પાકે, છાતી પાકે, મહેફિલમાંથી ઊઠી જવાની ઘટના ઉર્ફે...

મૂઠી ભરીને પડછાયાનાં ગામ વસેલાં ને પડછાયા હાલે ચાલે,
પડછાયા તો જાણે ચહેરા, ચહેરા જાણે ભૂલી જવાની ઘટના ઉર્ફે...



## તેજલ શાહ

# વાર્તા-સેતુ

## વૉટર-પમ્પનો પરચો

સમસ્ત સાહિત્યજગત મૂર્ધન્ય લેખક ચૂનીલાલ મડિયાની જન્મજયંતિ ઊજવી રહ્યું છે, ત્યારે એમની વાર્તા વિશે વાત કરવાનો અવસર મળવો અહોભાગ્ય ગણાય. એમને 'મડિયારાજા' અમસ્તા નથી કહ્યા. એમણે વૈવિધ્યસભર વાર્તાઓ રોપી છે, ઉછેરી છે અને સાહિત્યનો બગીચો મઘમઘતો રાખ્યો છે. પ્રસ્તુત છે વાર્તા 'વૉટર-પમ્પનો પરચો'.

***

પ્રશ્નાર્થને મનુષ્યદેહ આપવામાં આવે તો એનું નામ અચૂક 'બકુ' પાડવામાં આવે અથવા એનું નામ 'બકુ' જ હોય. દોરાબજીએ ખુદ આઈસ ફેક્ટરી બતાવી. બકુ ત્યાં સુધી ખુશ હતો. હવે એ હતાશ થયો કારણ કે એ પછી પ્રશ્નો પૂછવા માટે કોઈ અવકાશ બચ્યો નહતો. પણ અટકે એ બકુ ન હોઈ શકે.

"હેં જયલાલ, આ બરફ બનાવવા નું પાણી આવે છે ક્યાંથી?"

બકુના આ ભયંકર અજ્ઞાન પ્રત્યે દોરાબજી હસ્યા અને બોલ્યા,



"પાણી તો કૂવામાંથી આવે ને બાવા?"

"ક્યાં છે કૂવો?" બકુના પ્રશ્નોની પરંપરા શરૂ થઈ.

"આય ફેક્ટરીની પછવાડેના કમ્પાઉન્ડમાં જ તો વોટર પંપ મૂકાવિયો છે."

"ચાલો એ જોવા જઈએ." સંમતિની રાહ જોયા પહેલાં તો બકુ એ કૂવા તરફ મોટાં મોટાં ડગ ભરવા માંડ્યાં હતાં. સામાન્યમાંથી પણ કાંઈક ને કાંઈક અસામાન્ય ન શોધી કાઢે તો એ બકુ શાનો?

ક્રૂડ ઓઈલની નાનકડી મોટર વડે ચાલતા વૉટર-પમ્પ ઉપર સિંદૂરનાં ટપકાં અને ત્રિશૂળ બકુની બાજ સમી ચકોર નજર ચુકાવી શક્યાં નહિ.

"હેં દોરાવજી, બીજું બધું તો ઠીક, પણ વૉટર-પમ્પ ઉપર આ અરચા શા માટે કરી છે? કે પછી તમે પણ અહીં તમારી અગિયારી ઊભી કરવા માગો છો?"

"બાવા, આ તો તમારા હિંદુરાઓના ભગવાનના ચાંદલા કરિયા છે....."

"પણ જયલાલ..." બકુએ મને ફરી હચમચાવી નાખતાં કહ્યું: "ધિસ ઈઝ સ્ટ્રેન્જ! વિજ્ઞાનયુગના આ વૉટર-પમ્પ ઉપર આવાં વહેમોનાં ચિહ્નો જોવા મળે છે!"

"લોકો હજી હમણાં સુધી રેલવેના એન્જીન આગળ નાળિયેર વધેરતા, એ કેમ ભૂલી જાય છે? એ અગ્નિદેવ હતા તો આ વરુણદેવનું પ્રતીક નથી શું?" મેં કહ્યું.

"તારું શાસ્ત્રજ્ઞાન મારે નથી જોઈતું..." બકુએ મને સંભળાવ્યું અને પછી દોરાબજીને હચમચાવ્યા, "દોરાબશા સિંદૂરના ત્રિશૂળનું રહસ્ય સમજાવો..."

"બાવા, હું તમારી હિન્દુ માયથોલોજી ભણિયો નથી. પણ ફૅક્ટરી ઊભી કરી ત્યારે આ વૉટર-પંપે ભારે ચમત્કાર બતાવિયો એટલે આ બધી વર્શિપ કરવી પડે છે."

"વર્શિપ? આ વિજ્ઞાનના યંત્રની પણ વર્શિપ?" બકુનો રોષ વધતો જતો હતો.

"બાવા, બધુંય કરવું પડે, જો ધાંધોધાપો કરવો હોય તો..."

"પણ કારણ કાંઈ?" બકુ અદાલતી ઢબે ઊલટતપાસ કરતો હતો.

"કારણ મારો કેશવલાલ જાણે છે. હું તો તમારાં હિન્દુરાંના દેવદેવલાંને ઓળખતો બી નથી. કેશવલાલ વાણિયો છે, એટલે બધું સમજે છે. એને પૂછો."

દોરાબજીએ મુનીમનો હવાલો આપ્યો એટલે બકુ કેશવલાલને વળગ્યો. નાનું લખવું અને ઉઘરાણી પકવવી એ બે સિવાય ત્રીજી કોઈ પ્રવૃત્તિમાં રસ ન ધરાવનાર બિચારા જીવ કેશવલાલને પ્રશ્નો પૂછીપૂછીને બકુએ હેરાન કરી નાખ્યો.

"મૂળથી જ આ જમીન વહેમવાળી તો ગણાતી!" કેશવલાલે થોડો પૂર્વ ઈતિહાસ રજૂ કર્યો: "અડખેપડખે માણસની વસ્તી જ નહિ. નજીકમાં સ્ટેશન, પણ ગાડીના ટેમ ઉપર જ માણસનું મોઢું ભાળીએ. આ ખરાબો ઉજ્જડ ને વે'મવાળો હતો; એટલે અમારું તો કામ થઈ ગયું!

"વાવને કાંઈ કાંઠો -કઠેડો બાંધ્યા નો'તા એટલે અમે તો સીધાં ભૂંગળાં ઉતારીને માથે મોટર-પમ્પ મૂકી દીધો ને અડખેપડકે કોંક્રીટનું વનધકામ કરીને આખો કૂવો પેક કરી દીધો. રાતે કડિયા-મિસ્ત્રી ને મજૂર બધુંય ઢાંકી કારવીને ગયા. પણ સવારમાં આવીને જોયું તો કૂવા ઉપરથી

ઢાંકણું જ ઊખડી ગયેલું. આ ઘટના એકવાર નહિ અનેકવાર બની અને દોરાબજીના નસીબ તેજ કે ગામમાં જમાનાનો ખાધેલ ડોસો રહેતો હતો. એણે દોરાબજીને કારણ કહ્યું.

***

અરે! ડોસાએ દોરાબજીને કારણ કહ્યું પણ હું તમને કહી નહિ શકું. એની પાછળ મડિયાનો મેજીક છે. સામાન્ય રીતે આવી રીતે ઘડાયેલી વાર્તાનો અંત નિકટ હોય, અંત વાચકની ધારણાં મુજબનો હોય અથવા બકુના પ્રશ્નોની જેમ વાચકમાં કુતુહલતાના બીજ રોપીને વાર્તા જંપી જાય. અહીં તો વાર્તામાં શું બન્યું હશે એનાં કારણરૂપે એક આખેઆખી નવી વાર્તા શ્રી ચૂનીલાલ મડિયાએ લખી છે, એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

આગળ વાર્તામાં આવતું કારણ આપી દઉં? ચાલો આપી જ દઉં. એક સાધુનો જીવ અવગતે ગયો હોય છે, માટે વૉટર પમ્પ પરચો બતાવે છે. પણ વિચારવા જેવું છે કે એક સાધુ જેને આખું ગામ માનતું હોય એનો જીવ અવગતે કેમ જાય? એ જાણવા માટેય તમારે વાર્તા જ વાંચવી રહી. અંત નહિ પામવા બદલ વાચકના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો એમને આખી વાર્તા ભણી દોરી જતાં હશે એવી આશા છે.

આપના અભિપ્રાય મને મોકલી શકો છો - tejnikalme@gmail.com પર.





રાજેશ વ્યાસ 'મિસ્કીન'

## ગઝલ

હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું,
હું મારા ડાબે હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.

સૌ જાણે છે કે ચાવું છું હું પાન હંમેશા મઘમઘતાં,
હર પિચકારીમાં રોજ અહીં થૂંકાઈ ગયેલો માણસ છું.

પાણીમાં પડેલાં કાગળના આકાર જેવા છે શ્વાસ બધા,
જીવું છું ઝાંખુ પાંખું હું ભૂંસાઈ ગયેલો માણસ છું.

પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,
કંઈ એવી તરસથી રણ જેવું સુકાઈ ગયેલો માણસ છું.

ક્યારેક એવું પણ લાગે છે આ વસ્તીમાં વસનારાને,
એક સાવ બજારુ ઓરત છું ચૂંથાઈ ગયેલો માણસ છું.

સૌ આવી ગુનાહો પોતાના કબૂલીને મનાવે છે મિસ્કીન,
કોને કહેવું હું મારાથી રિસાઈ ગયેલો માણસ છું.

# લઘુ-નવલ

## તડકા ભીનાં મૃગજળ



અર્ચિતા દીપક પંડ્યા



ગયા અંકમાં આપણે જોયું કે...

મૃગાની મહત્વાકાંક્ષાની ઊડાન પર રોક આવી. શૂટિંગ પાછું ઠેલાયું અને મૃગા સાસરે પહોંચી. આકરા સસરાનો સ્નેહાળ આવકાર અને સાસુની મમતાએ એને જલ્દી ઓતપ્રોત કરી. ધર્માનંદબાબાની પધરામણીના પ્રસંગની તૈયારી કરાવવા શૈલા પણ આવી. સંસ્મરણો સાથે પોતાના ઓરડામાં આવેલી મૃગા પાસે મૌલિન અચાનક આવીને એને ચમકાવી દે છે. ત્યાં તો મૃગા પોતાના નામની બૂમ સાંભળી દોડી જાય છે. હવે આગળ...

### પ્રકરણ ૧૦ : સુંવાળા સપનાની ખરબચડી હકીકત

"મૃગા એ મૃગા..." હરિણી સિંહના સકંજાથી બચીને રાહતનો શ્વાસ લે, એ કામ આ બૂમે કર્યું.

"આવી મમ્મીજી!" કહી એ ઝટ દઈ ત્યાંથી નીકળી.

"મૃગા બેટા, પપ્પા જોડે વાત કર, ને એ લખાવે એ એડ્રેસ લખ ને! કોઈનો ફોન આવ્યો કે બાબા જોડે પધરામણી કરતા કોઈ સત્સંગી કે મુખ્ય અનુયાયીને પડી જવાથી ફ્રેક્ચર થઈ ગયું છે. એમને એરપોર્ટથી લઈને હોસ્પિટલ લઈ જજે. પપ્પા એડ્રેસ લખાવે કે તરત નીકળજે. તાત્કાલિક સારવાર કરાવવી પડશે..."

રત્નાબેન બધું એકી શ્વાસે બોલી ગયા. ગભરાટ, સમજવાની મથામણ, ઉતાવળ બધું એકસાથે મૃગાના ચહેરા પર આવી ગયું. ફોન પરથી એડ્રેસ લખ્યું અને ફોન કાપીને પાર્કિંગ તરફ લગભગ જતાં બોલી,

"મમ્મીજી, મૌલિન?"

"સ્વામીજીના ઉતારાની વ્યવસ્થા જોવા માટે સત્સંગીઓ આવશે એટલે મૌલિન અહીં રોકાવાનો છે."

"ઓકે મમ્મીજી..."

મૃગાને થોડી હાશ થઈ પણ ઓરડામાં અચાનક જે બન્યું એ ક્ષણે સર્જેલી સંવેદનાના છાંટાએ ના તો એને ભીંજવી, કે ના તો કોરી રહેવા દીધી. મૌલિનના સુદ્રઢ હાથની પક્કડને લીધે ફૂટેલા લાલ ટશિયા પર એણે હાથ ફેરવ્યો. એને કોલેજના દિવસોમાં ફનફેર વખતે યોજાયેલી 'ટગ ઓફ વોર'ની રમત યાદ આવી ગઈ. છોકરીઓની ટોળકીને ખેંચવા મૌલિન એકલો જ બસ થઈ રહેતો! મૃગા પણ ટોળીની નેતા બનીને મેદાનમાં ઉતરી, છોકરીઓમાં સૌથી આગળ એ ઊભી રહી. જીત માટે એણે જોરદાર લડત આપેલી. મૌલિનને પણ જીત જ ગમતી, પછી રમત હોય કે નેતાગીરી. મૌલિન અને છોકરાઓના ટોળાએ આખી બાજી પોતાની તરફ લઈ લીધી. દોરડાની બંને બાજુ છોકરાઓ અને છોકરીઓ વચ્ચે જબરદસ્ત રસાકસી થઈ. કોઈ વખત છોકરીઓ તરફ આખી રસ્સી આવી જાય, તો ક્યારેક છોકરાઓ તરફ. અંતે છોકરાઓનું પલ્લું ભારે થઈ ગયું. બધાએ છોકરીઓને ખેંચી લીધી. મૃગા તો સીધી મૌલિન ઉપર જ પડી.

જાણે એ જ ક્ષણ ફરી ભજવાઈ. મૃગા શરમાઈ પણ ગઈ પણ મૌલિને એને શાલિનતાથી બેઠી કરી. આ પરિસ્થિતિ પર બધા હસી પડ્યા, કોઈ કોઈ મશ્કરી કરવા લાગ્યા તો મૌલિને આંખ કાઢીને ચૂપ કરી દીધા. મૃગા સામે એક નજર નાખી, જેમાં દરકાર હતી, કોઈ મૃગાની મશ્કરી ન કરે એવી તકેદારી હતી. મૌલિન સામે કંઈ ચાલશે નહીં, એ બધા જાણતા હતા. મૌલિનને ગુસ્સે કરવો કોઈને પોસાય એમ નહોતું. નકામી બાજી બગડે અને વિજયનો આનંદ પણ જાય! 'જીત તો મનાવી લઈએ' - એવા તાનમાં સીટીઓ વગાડતા બધા છોકરાઓ ઉપડી ગયા કેન્ટીન તરફ. મૃગા હારી ગયાના અફસોસ અને મૌલિન પર પડવાથી છોભીલી થઈ. મોં પર હાથ દબાવીને 'ખી ખી ખી' કરતી છોકરીઓથી દૂર ભાગીને બહેનપણીઓનાં ટોળાંમાં ખોવાઈ ગઈ, પણ એનાં મનમાં તો મૌલિનનો સ્પર્શ ને એની નજર જ જડાયેલા રહ્યા.

મૌલિનના વિચારોમાં ખોવાયેલી મૃગા ફોનની ઘંટડીએ એ ઝબકી. પારુમાનો ફોન હતો.

"હેલો મૃગા, કેવી ચાલી રહી છે તૈયારી? ઓર્ડર હજુ તૈયાર થઈ રહ્યો છે. મેં હમણાં જ તારા સાસુ જોડે ફોન પર વાત કરી. જો કે મારું બ્લડપ્રેશર વધ્યું હોય એવું લાગે છે, તો અત્યારે નથી આવતી. હમણાં આરામ કરવો પડશે. કાલે જ મળીશું..."

"અરે મા! સંભાળજે. દવા લઈ લે. આરામ કરજે. હું કોઈ સ્વામીજીના સત્સંગીને વાગ્યું છે એટલે એમને સારવાર માટે લઈ

જવા નીકળી છું, નહીં તો તને ઘરે મળવા આવી જાત..."

"ના રે, મારી ચિંતા ન કરતી. એ તો થાકને લીધે થોડું થાય એવું. તું ત્યાં જ બધું બરાબર સંભાળજે. પાછા મૌલિનકુમાર પણ હજુ કાલે આવવાના ને?"

"ના ના, એ તો આવી ગયો છે. પણ હજુ ઘણી તૈયારીઓ કરવાની છે. શૈલા પણ મદદ માટે આવી જવાનું કહેતી હતી. અમે બધાં અહીં પહોંચી વળીશું. પ્રથમ આવવાનો જ છે, એની જોડે જ તું પ્રસાદ મોકલી દેજે."

"ઓ કે બેટા. તમે જુવાનિયા મળીને સરસ રીતે કામ કરજો. બાબાના આશીર્વાદ લેજો. આ તો બહુ રૂડો અવસર કહેવાય કે બાબા પધરામણી કરશે!"

"હા મા હા, હવે તું ભક્તિભાવમાં વહી ન જઈશ. એ પણ બધા માણસ જ છે, કોઈ ભગવાન નથી!"

"તું નહીં સુધરે. કંઈ નહીં, પણ તમારી જવાબદારી બરાબર નિભાવો એ જ તમારું મુખ્ય કામ!"

"અરે, એ જ તો સાચી ભક્તિ!"

"હજુ ઊગીને ઊભા થયા છો, ભક્તિ એટલે શું તમને થોડી ખબર પડે? શું સમજો તમે તમારા મનમાં?“

મૃગાથી ખડખડાટ હસી પડાયું.

"ઓકે મા, તબિયત સાચવજે, ગુસ્સો નહીં કરવાનો હં! તબિયત બગડશે."

"હા હા હવે. ચાલ, કાલે મળીએ."

પારુમા દીકરીની આવી વાતોથી ટેવાયેલા હતા. એમને ખબર હતી કે મૃગા આજ્ઞાંકિત અને સંસ્કારી છે, પણ પોતે મા હોવા છતાં, એમના વિચારોને પણ મૃગાએ તર્ક વગર ક્યારેય નથી અપનાવ્યા.

મૃગાને ઘડીક માટે મનમાં ને મનમાં, રત્નાબેન તથા પારુમાની સરખામણી થઈ આવી. ફોન મૂકયા પછી મૃગાને ફરી યાદ આવ્યું, "મૌલિન તો કાલે આવવાનો હતો ને? આજ અચાનક કેમ આવ્યો?" આવો વૈચારિક તણખો થયો પણ ઉતાવળને લીધે એણે લખેલું સરનામું વાંચ્યું અને નીકળી. મૃગાને એકદમ ખ્યાલ આવ્યો કે શૈલા કહેતી હતી કે રાતે સૂવા માટે આવશે. એણે શૈલાને ફોન લગાવ્યો.

"હાય શૈલા, તું નીકળી ગઈ? હું સ્હેજ બહાર છું તો મોડી આવજે અથવા કાલે સવારે વહેલી આવજે."

"મૃગા,ના યાર, રાતે જ આવી જઉં છું. પ્લીઝ, તને અગવડ પડતી હોય તો પણ! મારે તારી સાથે જ રહેવું છે આજે!"

" શું વાત છે? કોઈ ગંભીર બાબત છે?"

"આપણે મળીએ ત્યારે કહું તને."

"પ્લીઝ ડોન્ટ હેઝીટેટ. મને કહે."

"અત્યારે મારી દીકરી મારી બાજુમાં છે પછી કહીશ."

"સસ્પેન્સ મૂકીને મારો જીવ ઊંચો કરે છે તું, યાર!"

"મારી સાથે રહેજે બસ. પણ ચિંતા ન કરતી. મળીએ મોડી સાંજે. જીજુ આવી ગયા હોય તો મનાવી લે જે જરા કે આપણને આજનો દિવસ સાથે રહેવા દે."

"પાગલ! આવ જલ્દી ચાલ!"

મૃગા વિચારમાં પડી ગઈ, "કેમ શૈલા આવું કહે છે? શૈલાને કોઈની સાથે ઝઘડો પણ ન થાય, એટલી સંવેદનશીલ છે. નહીં તો માનીએ કે વરની જોડે અબોલા થયા હશે." વિચારોની ગતિ સાથે કાર પણ એરપોર્ટ તરફ દોડતી રહી. દરેક સફરની મંઝિલ નક્કી હોય છે, એમ થોડીવારમાં એરપોર્ટ આવી ગયું. ભીડમાં સૌનાં રંગબેરંગી પહેરવેશમાં સાધુઓના કેસરી રંગનો પહેરવેશ અલગ જ તરી આવ્યો. બધા ચમકદાર ચહેરા પર સાધુત્વનું તેજ શોભતું હતું. "હાથમાં એક નાની ઝોળી સાથે આ લોકો આંતરરાષ્ટ્રીય સ્તરે મુસાફરી કેવી રીતે કરતા હશે?"

મૃગાને પ્રશ્ન થયો. ધર્માનંદબાબાનો આશ્રમ અને ઘણાં અનુયાયીઓ પરદેશમાં પણ હતા. એ લોકો ઈન્ડિયા આવી ગયા, જેમાંના એક જણને દિલ્હી એરપોર્ટ પર અકસ્માત થયો, પડી જવાથી હાથમાં ઈજા થઈ. મૃગા એરપોર્ટ પહોંચી ત્યારે સત્સંગીઓના ટોળામાં એક આધેડ વયની વ્યક્તિની ઓળખાણ થઈ, જેમના હાથમાં ફ્રેકચર થયેલું.

"સ્વામીજી, આપકા સામાન લે લૂં?"

"અરે બેટી, મૈં કોઈ સ્વામીજી નહીં. ભક્ત હૂં બસ!"

"માફ કરના. મુઝે તો આપકે કપડોં સે લગા કિ આપકો સ્વામીજી બુલાના ચાહિયે."

"યે કપડે? યે તો યુનિફોર્મ કી તરહ હૈ. યે રંગ તો મન કો લગે તબ અચ્છા!"

"આપ કે વિચાર સે તો મુઝે લગતા હૈ, આપકો તો સ્વામીજી હી કહના ચાહિયે."

"જો ઠીક સમઝો. મૈં એક ભક્ત હૂં બસ, પર નામ મેં ક્યા રખા હૈ?" સત્સંગી એકદમ નફિકરું હસ્યા. જાણે દુનિયાનો કોઈ રંગ શાશ્વત નથી એ બરાબર જાણતા હતા.

"કુછ છૂટ તો નહીં જાતા?"

"નહીં નહીં બેટી. ઠીક હૂં. અરે, હું પણ ગુજરાતી જ છું દીકરી! સાધુને વળી સામાન શું? એક ઝોળી બસ!"

"ઓહો અચ્છા? એ મને આપી દો. આપ આ કારમાં આરામથી બેસો. બાકી બધા સ્વામીજી તો ટેક્સી કરી છે, એમાં ઉતારા પર

જ જશે."

"રહેવા દે દીકરી!"

"એક તો દીકરી કહો છો ને, તમારી ઝોળી ઊંચકવા નથી દેતા?"

ઝોળી સહેજ ખસેડવા જતાં જ સત્સંગીનો હાથ દુઃખ્યો અને સિસકારો નીકળી ગયો.

"તમારો હાથ દુઃખશે, રહેવા દો."

સાધુને મૃગાની વાત ઠીક લાગી.

હોસ્પિટલ પહોંચ્યા પછી મૃગાએ ડૉક્ટર જોડે વાત કરી, જે જરૂરી હોય એ સારવાર કરવા કહ્યું.

"પંદર દિવસના પાટા પછી જોઈશું, જરૂર લાગે તો ઓપરેશન કરીશું."


"સાધુ એક ગામમાં આટલું ટકશે, ડૉક્ટર?"

"સાધુ મહારાજ, મારી તો શુભેચ્છાઓ છે કે ઓપરેશન કરવું ન પડે! તમારે હાથને બરાબર આરામ આપવો પડશે."

"જરૂર ડૉક્ટર! બસ, તમે મારા માટે પ્રાર્થના કરજો. દુઆ જ કામ લાગે છે! કોઈની દુઆ મળી હશે તો મને આ દીકરી આજે અહીં લઈ આવી! કેટલી સંભાળ લીધી મારી. થોડી દુઆ તમે પણ એને આપજો કે એ ખૂબ સુખી થાય. ખરું ને દીકરી?"

મૃગાથી એ અનુયાયી સાધુની આંખમાં જોવાઈ ગયું. એ આંખમાં જાણે એક બંધન હતું, જે એને પોતાની તરફ જકડી રાખતું હતું. "આ વ્યક્તિ હિપ્નોટિઝમ જાણે છે કે શું? મને કેમ આટલું ખેંચાણ થાય છે? કે મારી પપ્પાને મળવાની ઝંખનામાં પિતાતુલ્ય લોકો તરફ ખેંચાણ થાય છે? કોઈવાર મારો પણ મારા પપ્પા સાથે ભેટો થશે? હું ઈશ્વરમાં જરાય નથી માનતી, પણ જો પપ્પા મળી જાય તો એને ક્યારેય નહીં ભૂલું. હું શોધું કેવી રીતે પણ? મને ક્યાં ખબર છે કે એ કેવા દેખાતા હશે?"

પગથિયા ઉતરતા સહારો આપવા મૃગાએ હાથ પકડ્યો. મૃગાને લાગ્યું કે એનું નસીબ અવળું છે કે એ કસ્તૂરી મૃગની જેમ ભટકે છે. ખરેખર એક પિતા સમાન પુરુષનો સહારો મનને કેટલી શાંતિ આપે છે? શું પોતાના જીવનમાં આ સુખ છે જ નહીં?



# REWINDING...

## જીભ



જ્યોતીન્દ્ર દવે

મનુષ્યની સર્વ ઈન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. બીજી બધી કરતાં એનું મહત્ત્વ પણ વિશેષ છે. કાન, હાથ, પગ આદિ બબ્બે ઇન્દ્રિયો છે ને તે કાર્ય એક જ કરે છે. એક સાંભળવાનું કામ કરવા માટે બે કાન, એક શ્વાસ લેવાનું કાર્ય કરવા માટે બે નસકોરાં, ચાલવાના એક કાર્ય માટે બે પગ, જોવાના કામ માટે બે આંખો, પણ બોલવાનું ને સ્વાદ ચાખવાનું એમ બે કામ માટે એકલી જીભની જ નિમણૂક કરવામાં આવી છે.

ઘણી ખરી ઇન્દ્રિયો પર આપો કાબૂ નથી. આપણી ઇચ્છા વિરુદ્ધ પણ પરસંસ્કારની અસર એના પર થયા વગર રહેતી નથી. કોઈ આપણને ગાળ દેતું હોય ને તે સાંભળવી આપણને કુદરતી રીતે જ ન રુચતી હોય તો પણ આપણા પોતાના કાન એ ગાળ આપણા મગજ સુધી પહોંચાડ્યા વિના નહિ રહે. ન જોવા જેવું આંખ અનેક વાર જુએ ને માથું ફેરવી નાખે એવી દુર્ગંધ નાસિકા મગજને પહોંચાડે છે, પરંતુ જીભની ઉપર તો મનુષ્યની પૂરેપૂરી સત્તા પ્રવર્તે છે. તેની ઇચ્છા હોય તો જ બોલવાનું કે સ્વાદ આપવાનું કાર્ય જીભ કરી શકે,અન્યથા નહિ.



બોલવાનું ને ખાવાનું — દુનિયાનાં બે મોટામાં મોટાં કાર્ય એક નાનકડી જીભ બજાવે છે. માનવજીવનમાં આના કરતાં વધારે ઉયુક્ત કે જરૂરી બીજાં કોઈ કાર્ય નથી . એ બંને કાર્યની મનુષ્યના જન્મથી શરૂઆત થાય છે ને જીવનનો અંત આવતાં સુધી ચાલે છે અથવા મનુષ્યના મરણ પછી પણ એની જીભનું કાર્ય તો ચાલુ જ રહે છે. એના મત, અભિપ્રાય, વચન આદિનો પાછળનાંઓ વારંવાર ઉલ્લેખ કરીને એની વાણીને અમર બનાવે છે ને એની પાછળ બારમું, તેરમું, શ્રાદ્ધ, વરસી આદિ પ્રસંગો યોજને એની રસાસ્વાદની અભિલાષાને મરણ પછી સંતોષે છે. આમ જીભનું કાર્ય મનુષ્યના જન્મથી શરૂ થાય છે ને એ મરણ પછી પણ ચાલુ રહે છે. વૃદ્ધાવસ્થામાં બીજી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે ત્યારે પણ જીમ તો એવી ને એવી બળવાન રહે છે. ઘણી વાર તો બીજી ઇન્દ્રિયોની શક્તિ એનામાં ભેગી થતી હોય એમ લાગે છે. ઘરડી આંખ, ઘરડું

મગજ - એ નિર્બળતાની નિશાની છે; પણ ઘરડી જીભ એટલે અનુભવે ને સંસ્કારે, બળમાં ને કળમાં દુર્જેય બનેલી જીભ એમ જ સમજવાનું છે.

રસાસ્વાદનો અધિકાર જીભને મળ્યો છે. એના વડે જ સ્વાદનું જ્ઞાન થાય છે માટે અને જ્ઞાનેન્દ્રિય ગણીએ તો ગણી શકાય . બોલવાનું કાર્ય એ કરે છે એટલા માટે એને કર્મેન્દ્રિય પણ કહી શકાય. શ્રીમદ્ ભગવદ્ગીતાની પેઠે જ્ઞાન ને કર્મનો એ સુંદર સમન્વય સાધી બતાવે છે. મન ને હૃદય -એની વચ્ચેનું અનું સ્થાન છે તે બહુ સૂચક છે. બંનેને એના વિના ચાલતું નથી. બંનેના પ્રતિનિધિની ગરજ એ જ સારે છે. મનના વિચાર ને હૃદયની ઊર્મિઓને જીભ જ વ્યક્ત કરે છે. વિદ્યાર્થીઓને ગણિત કે તત્ત્વજ્ઞાનના મુશ્કેલ કોયડાઓ સમજાવતી જીભ જ પ્રિયતમાના સાનિધ્યમાં પ્રવચનો ઉચ્ચારે છે. જેમ કેટલીક કુલવધુઓ આખા ગૃહનો ભાર ચલાવે છે છતાં ગૃહ બહારનાંને તેનાં દર્શન પણ થઈ શકતાં નથી તેમ જીવનમાં બે સૌથી મુખ્ય કાર્યો કરતી હોવા છતાં જીભ ઘણું ખરું અદૃશ્ય રહે છે.

સ્નિગ્ધ, સુકોમળ, નાની, નાજુક ને નમણી એવી જીભ અનેક રીતે સ્ત્રીના સરખી છે. આપણે એની પાસે સૌથી વધારે કામ લઈએ છીએ તે છતાં બને ત્યાં સુધી એને ઓઝલ પડદામાં રાખીએ છીએ. રસોઈ બનાવીને સ્ત્રી આપણી સ્વાદવૃત્તિને પોષે છે ને સુંદર ઘરેણાં -લૂગડાં પહેરી આપણી અભિમાનવૃત્તિને પોષે છે તેવી જ રીતે જીભ આપણી સ્વાદવૃત્તિને સંતોષે છે ને સરસ શબ્દો વડે આપણાં વખાણ કરી અભિમાનવૃત્તિને ઉત્તેજે છે. સ્ત્રીની પેઠે જીભ પણ થાયલ કરે છે ને ઘા રુઝાવેષ છે. तुम्ही ने दर्द दिया है, तुम्ही दवाई देना -એમ માશુક કહે છે તે જ રીતે જીભને પણ કહી શકાય. કોઈનું અપમાન કરી તેને ઘાયલ કરનારી જીભ પાછળથી જરૂર પડ્યે તેના વખાણ કરી પોતે પાડેલા ઘાને રુઝાવી શકે છે . પુરુષનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેટલીક વાર સ્ત્રીને કરવું પડે છે તેમ પેટ આદિના રોગના ભોગ જીભને બનવું પડે છે. પેટમાં અપચો થતાં જીભ પર ચાંદી પડે છે. પેટની વાત જીભ તરત જ કહી દે છે. અબળા વર્ગ તરફથી ઘણીવાર ગૃહનાં છિદ્ર બહારનાંને જાણવાનાં મળે છે, તે જ પ્રમાણે રોગોના નિદાન માટે તજજ્ઞો જીભ પર ઘણો આધાર રાખે છે.

ફીકી, સફેદ, નરમ, પહોળી ને અસ્થિર જાભ પાંડુરોગની સૂચક છે. ભૂરાશ પડતી જીભ છાતીનાં દરદોનો સંભવ દર્શાવે છે. વચ્ચે છારીવાળી સૂને છેડે રતાશવાળી જીભ અપચો અને અન્ય ઉદરરોગનું સૂચન કરે છે. મુખ બહાર કાઢતાં જેની જીભ સ્થિર રહી ન શકે તે મનુષ્ય નશો કરતો હશે એમ કહી શકાય. મુખ બહાર કાઢતાં એક બાજુથી બીજી બાજુએ જીભને હલાવી ન શકાય તો એ પશ્ચાતાપનું ચિહ્ન ગણાય છે. આમ, જીભ દેહના અનેક દરદો ખુલ્લા કરે છે, પરંતુ જીભ માત્ર શરીરના વ્યાધિઓને જણાવતી નથી. એ મનુષ્યનાં ગામ, જાતિ આદિની પણ

માહિતી વગર પૂછ્યે આપી દે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર -એ ભેદો પણ કદાચ જાભને આધારે કરવામાં આવ્યા હશે. જેની જીભ સહેલાઈથી નહિ જેવા કારણે, ભયંકર શાપ આપી શકે તે બ્રહ્મર્ષિ; જેની જીભ વેદમંત્રોના ધન, જટા, ક્રમ ઇત્યાદિ પ્રકારે પાઠો કરી કસરત કરે ને સોમરસનું આસ્વાદન કરે તે બ્રાહ્મણઃ જેની જીભ વીરરસની વાતો કરે ને કસુંબાપાણીમાં રાચી રહે તે ક્ષત્રિય; પૈસાની વાત સાંભળી જેની જીભ ભીંજાઈ જાય તે વૈશ્ય; ને જેની જીભ ઘણુંખરું મૌન સેવે ને ઇતર વર્ણના હુકમ સાંભળી "હા, માબાપ!"કહે તે શૂદ્ર. અત્યારે આ વર્ગભેદ લોપાતા જાય છે અને તેને બદલે નવીન ભેદો રચાતા જાય છે. જેની જીભ "યુ ગધા! બેવકૂફ-સુવર!" એમ ઉચ્ચારતી હોય ને દિવસમાં ચાર-પાંચ વાર વિવિધ ઉત્તમ વાનીઓનો રસાસ્વાદ માણતી હોય તે ઉત્તમ વર્ગના મનુષ્યો. જેની જીભ "મા-બાપ, સરકાર, પ્રભુ" એવો પાઠ પઢ્યા કરતી હોય ને બેએક દિવસે એક વાર, અતિશયોક્તિમાં જેને અન્ન કહી શકાય એવું કંઈક આરોગતી હોય તે નીચ વર્ગનો મનુષ્ય. "રજાબજા નહિ મળે, સમજ્યા? જુઓ , આજે જરા બે-ત્રણ ક્લાક વધારે બેસજો ને આવતે મહિને તમારા પગારમાં દશ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે." એમ જેની જીભ બોલતી હોય તે ઉપરી અધિકારી. "સાહેબ, છે - તે - છે - ને જરા આજે - આજે જરા - એમ કે સાહેબ, આજે જરા વહેલો ઘેર જાઉં? ઘેર માંદગી છે સાહેબ. સાહેબ બાકીનું કામ ઘેર લઈ જઈશ." એમ બીતાં બીતાં કરગરતા અવાજે ને દીનમુદ્રાએ બોલે તે કારકુનિયા.

જીભ જાભ આમ માણસનાં જાતિકુળ જ નથી જણાવી દેતી, પરંતુ એ ક્યા શહેર કે ગામનો છે તે પણ એ કહી દે છે. એક વખત ભરૂચમાં મેં બે મનુષ્યોને વાગ્યુદ્ધ ખેલતા જોયા હતા અને તે વેળા મને બહુ નવાઈ લાગી હતી. વાગ્યુદ્ધ ખેલતા હતા તેની નવાઈ નહોતી લાગી -બે માણસો મળે ને લડે નહિ તો નવાઈ લાગે -લડે એમાં નવાઈ નથી એ હું સારી રીતે જાણું છું. "તું લાલચોલ ડોલા કાઢીને ગાલ પર ગાલ દે છે તે માલ પરથી નીચે ઊતરની! બતાવી દઉં!" એકે કહ્યું. "સાલા, તારું મોં ઊજલું છે, પણ કરમ તો કાલાં છે. ધોલામાં ધૂલ પડી તારા." બીજાએ ઉપરથી જવાબ દીધો. આ બંને યોદ્ધાઓએ એકમતે 'ળ' કારનો બહિષ્કાર કરેલો જોઈ મને નવાઈ લાગી. તે પછી ભરૂચમાં લગભગ બધા જ માણસોને મેં 'ળ'ને સ્થાને 'લ' વાપરતા સાંભળ્યા હતા. સુરત, વડોદરા , અમદાવાદ બધે સ્થળે 'ળ' બોલાય છે તે ભરૂચમાં કેમ બોલાતો નથી એ ઉચ્ચારશાસ્ત્રનો વિષમ કોયડો છે..મને લાગે છે કે બાળપોથીમાં નળનું ચિત્ર આપી તે પરથી 'ળ'કાર શીખવવામાં આવે છે ને ભરૂચમાં નળ નથી, તેથી કદાચ ભરૂચવાસીઓએ નળની સાથે 'ળ'નો પણ બહિષ્કાર કર્યો હશે. પણ એ સાથે આપણને ઝાઝી નિસબત નથી . કારનો બહિષ્કાર કરનારી જીભ ભરૂચવાસીની છે એમ તરત જણાઈ આવે છે. તે જ રીતે 'હવાકાનું હેર

હાક' માગનારી સુરતી જીભને 'સડકું ખોદીએ સીએ ને રાબું પીઍઁ સીઍઁ' એમ કહેનારી કાઠિયાવાડી જીભ પણ પોતાના નિવાસસ્થાનની ખબર આપી દે છે.

જીભની કુતૂહલપ્રિયતા ને છિદ્રાન્વેષીપણું અદ્ભુત છે. દાંતના ખૂણેખુણામાં એ ફરી વળે છે. એક ઝીણી સરખી કરચ દાંતના ગમે ત્યાં સંતાઈને ભરાઈ બેઠી હોય તો તેને શોધી કાઢે ત્યારે જ ને જંપે છે. એ વિષયમાં પણ એ અબળાવર્ગ સાથે હરીફાઈમાં ઊતરી શકે એમ છે. મોમાં કાતરા પડ્યા હોય કે ચાંદી પડી હોય તો જીભ વારંવાર ત્યાં જ જવાની. કૂતરાં વગેરે પ્રાણીની જીભમાં ઘા રુઝવવાની શક્તિ છે ને તેથી શરીર પર પડેલા પાને જીભ વડે ચાટ ચાટ કરે છે પણ ઉત્ક્રાંતિક્રમમાં આગળ વધતાં મનુષ્યની જીભમાંથી ઘા રુઝવવાની શક્તિ જતી રહી ને તેને સ્થાને ઘા પાડવાની ને પડેલા ઘા ચાટી ચાટી વિશાળ ને ઊંડાં બનાવવાની શક્તિ આવી.

બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠત્વ તથા વિશિષ્ટત્વ એની મને લીધે જ છે. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોનું મગજ વધારે બળવાન હોય છે અથવા એનામાં બુદ્ધિ વધારે હોય છે, એ વાત મનુષ્ય અને પ્રાણી બંનેના પરિચયમાં આવનાર કોઈથી પણ મનાય એવી નથી, મનુષ્ય કરતાં આંખની બાબતમાં બિલાડી, હાથની બાબતમાં ગોરીલો, નાકની બાબતમાં કૂતરો, પેટની બાબતમાં વરુ ને પગની બાબતમાં ગધેડો બળવાન હોય છે એ જાણીતું છે. તેમજ બીજાં જાનવરોની માફક એને શીંગડાં ને પૂંછડી પણ હોતાં નથી. એ પરથી સમજાય છે કે મનુષ્ય કરતાં, જીભ સિવાયની બીજી ઇન્દ્રિયોના વિષયમાં અન્ય પ્રાણીઓ વધારે નસીબદાર છે. મનુષ્યનો ખરેખરો વિકાસ જીભના વિષયમાં થયો છે. કીડી, મંકોડા, વંદા આદિને જીભ હોતી જ નથી. સુખ-દુઃખના ધ્વનિ પણ એનાથી કાઢી શકાતા નથી. બિલાડાં, કૂતરાં, આદિ પશુઓને જીભ હોય છે પણ તે માત્ર અમુક પ્રકારના ધ્વનિ કાઢી શકે છે. એથી ઉચ્ચ પ્રકારનાં પ્રાણીઓ જીભ વડે વિવિધ પ્રકારના ધ્વનિનું ઉચ્ચારણ કરી શકે છે. પોપટ વગેરે પક્ષીઓ કંઈક માણસના અવાજને મળતા આવે એવા પ્રકારના ધ્વનિ કાઢી શકે છે, પરંતુ એક મનુષ્ય જ એવું પ્રાણી છે, જે જીભ વડે કોઈ પણ પ્રકારનો ધ્વનિ કાઢી શકે છે. પશુપંખીઓ તેમ કરી શકતાં નથી, માટે જ મનુષ્ય પશુપંખી કરતાં શ્રેષ્ઠ ગણાય છે . એક મનુષ્ય બીજાં મનુષ્યને 'કૂતરાં, ગધ્ધો, સૂવર, હેવાન' વગેરે કહી શકે છે. જાનવરો એક બીજાને માણસ, આદમી, ઇન્સાન' વગેરે કહીને ગાળ દઈ શકતાં નથી એટલે એ માણસ કરતાં ઊતરતાં દરજ્જાના ગણાય છે. મનુષ્ય પોતાને શ્રેષ્ઠ કહી શકે છે -જીભ વડે; બીજું કોઈ પ્રાણી પોતાને શ્રેષ્ઠ કહી શક્યું નથી; એ જ બતાવે છે કે મનુષ્યની શ્રેષ્ઠતા એની જીભને લીધે જ છે.

સમય ને સંજોગોને અનુકૂળ થઈ જવાની

જીભની શક્તિ પણ સ્ત્રીના જેટલી જ છે. પિતાના ઘરના વાતાવરણ કરતાં તદન ભિન્ન પ્રકારના વાતાવરણમાં આવેલી નવોઢા, નવીન પરિસ્થિતિને અનુકૂળ થઈ જઈ, જાણે એ જ વાતાવરણમાં નાનપણથી ઊછરી હોય તેમ વર્તવા માંડે છે. તે જ પ્રમાણે જીભ પણ સંજોગો બદલાતાં તરત તેને અનુકૂળ થઈ જાય છે. સુધારકો પર તીવ્ર બાણ વરસાવતી જીભ સંજોગોમાં ફેરફાર થતાં તરત જ સુધારકની પ્રશંસા કરવા મંડી પડે છે. ઘરને ખૂણે ઉપરી અમલદારની સખત ઝાટકણી કાઢતી જીભ એ અમલદારના સાંનિધ્યમાં એના ગુણગાન ગાવા મંડી પડે છે.

એક ગાડીવાળાએ એક નાના છોકરાને કંઈક વાંકસર તમાચો માર્યો. છોકરો રડતો રડતો પોતાના પિતા પાસે ગયો. એનો પિતા ઉશ્કેરાઈ ગયો. "કોણે માર્યો મારા છોકરાને? એની છાલ ઉખેડી નાખું! જોવું તો ખરો, મારા છોકરાને આંગળી અડાવવાની હિંમત કોણે કરી?" એમ બોલતો એ છોકરાને લઈને આગળ આવ્યો, છોકરાએ ગાડીવાળાને બતાવી કહ્યું: "આણે માર્યો." છ ફૂટ ઊંચા ને બસો રતલ વજનવાળા ગાડીવાળાએ આગળ આવી "હા, મેં માર્યો, શું છે?" કહીને બાંય ચઢાવવા માંડી ₹. છોકરાના પિતાની જીભે બદલાયેલો રંગ જોઈ કહ્યું: "બહુ સારું કર્યું. એ તો એ જ લાગનો છે. એક જ તમાચો શું કામ માર્યો? મારવા'તા ને બેચાર ! મારા દેખતાં મારો બીજી એક થાપટ!" આ જ પ્રમાણે બધાંની જીભમાં સમયને અનુકૂળ ધઈ જવાની શક્તિ રહેલી છે. જેનામાં એ શક્તિ જેટલી વધારે વિકસિત તેટલો એ વધારે પ્રતિષ્ઠાસંપન્ન, સમજુ ને શાણો ગણાય છે.

કામિની પેઠે જીભના જાદુ ને કામણ પણ અનેરાં છે. એ મોહિનીના મોહનાસ્ત્ર ભારે અસરકારક છે. નયનબાણ કરતાં પણ જિહ્વાબાણ વધારે કાતિલ નીવડે છે. ઘણીવાર અમુક ઓળખીતા પુરુષ પર કોઈ સ્ત્રી ફિદા થઈ જવાનું જાણીએ છીએ ત્યારે આપણને અત્યંત આશ્ચર્ય થાય છે. એવું એનામાં છે શું? નથી રંગ, નથી રૂપ, નથી મર્દાનગી, નથી પૈસા, નથી પ્રતિષ્ઠા. એવું તે એ સ્ત્રીએ એનામાં જોયું શું?" એમ સામાન્ય રીતે બધાંને લાગે છે. પણ તન, મન કે ધનના વૈભવ વડે નહીં, એણે તો જીભના જાદુથી એ સ્ત્રીનું મન હરી લીધું હોય છે એ આપણે જાણતા હોતા નથી. અભિમન્યુ પર નયનોનાં જાદુ અજમાવી ચૂકેલી ઉત્તરાને જીભના જાદુ અજમાવવાનો વધારે અવસર મળ્યો હોત, તો એ વીર પુરુષ બની રણસંગ્રામમાં જઈ સ્વર્ગવાસી બનવાને બદલે ધીર પુરુષ બની નમૂનેદાર ગૃહસ્થાશ્રમી થયો હોત. ઈશ્વર પણ જીભને વશ થાય છે. માત્ર મનથી નહિ , પણ જીભ વડે સ્તોત્રો ગાઈ ઈશ્વરપ્રાર્થના કરવી જોઈએ, તેનું કારણ પણ આ જ છે. શેષનાગની હજાર જીભને લીધે જ જગત ગતિમાન રહી શક્યું છે ને એના પર શયન કરવાને લીધે જ ઈશ્વર

પણ જાગ્રત રહી શકે છે.

જેમ દેશ દેશની જીભક વિશિષ્ટ પ્રકારની હોય છે તેમ ભિન્ન ભિન્ન વ્યક્તિની જીભની ખાસિયત પણ જુદી જુદી જાતની હોય છે. કેટલીક જીભો શ્રોતાના કાનની ઉપાસક હોય છે . આખો વખત સાંભળનારના કાનમાં એ ઘૂમ્યા કરે છે. કેટલીક જાભો આત્મપ્રશંસાની શૈલીમાં પોતાને ને સાંભળનારને ડુબાડી દે છે, તો કેટલીક સાંભળનારની ખુશામદમાં જ રચીપચી રહે છે. કેટલીક જીભો સ્ત્રીમુખને જોઈને વાચાળ બને છે, અન્યથા મૂક થઈને રહે છે. જીભો બહુવ્રીહિ સમાસની પેઠે અન્યપદપ્રધાન હોય છે. બીજાના જ મનના વિચારની વાહક બને છે. કેટલીક જીભો કાતરનું કામ કરે છે, કેટલીક સોયની ગરજ સારે છે, કેટલીક નેતરની સોટીનો ખ્યાલ આપે છે.

જીભને આપણે 'લૂલી'નું અભિધાન આપ્યું છે પણ એ લૂલી હશે તોયે ઈશ્વરકૃપા પામેલા પંગુના જેવી હશે -આખો ગિરિ ઓળંગી શકે એવી. જગતમાં જે કાંઈ થાય છે સારું-નરસું, આનંદ-કંકાસ, આત્મશ્લાઘા, ખુશામદ, વિવાહ ને વરસી, માંદગી ને તંદુરસ્તી તે સર્વ મોટે ભાગે જીભને લઈને જ થાય છે. સિદ્ધાંત તરીકે જીભ પર અંકુશ રાખવાની શક્તિ મનુષ્યમાં છે. પણ ખરી રીતે જોતાં સત્તા હેઠળ એ દબાઈ જાય છે..સમાજ, ધર્મ ને કાયદાની રૂએ પુરુષ સ્ત્રીનો સ્વામી છે, પણ વસ્તુતઃ એ સ્ત્રીનો ગુલામ હોય તેમ વર્તે છે. એ જ રીતે જીભના તાબામાં એ રહે છે , એની તંદુરસ્તી, એની નીતિ, એનો વિવેક, એનો ધર્મ, એનું આખું જીવન એની જીભને આધારે જ વિકસે છે કે વણસે છે. મનુષ્ય એટલે જ જીભ.

મને લાગે છે કે ઈશ્વરે આ માનવયંત્ર ઘડ્યું, પણ ક્યાં તો એણે બહુ ઉતાવળ કરી હશે ક્યાં તો મંત્ર ઘડવાનો અને ઝાઝો અનુભવ નહિ હોય. થઈ શકે એવી કેટલીયે સગવડ એણે કરી નથી. સ્ક્રુ મૂકવાને બદલે કેટલીક વસ્તુ એણે એમની એમ જડી દીધી છે. જીભને ધારીએ ત્યારે મોંમાંથી છૂટી કરી શકાય એવી રચના કરી હોત તો કેટલી સગવડ થાત! નાટક, સિનેમા અથવા સભામાં પ્રેક્ષકો ને શ્રોતાઓ પોતાની જીભનો વધારે પડતો ઉપયોગ કરી બીજાને દખલ કરે છે, તેને બદલ સૌને પોતાની જન્મ બહાર જુદી જુદી ડબ્બીમાં મૂક્યા પછી જ સભાસ્થાનમાં દાખલ કરવામાં આવના હોત તો નાટક, સિનેમા તથા સભા આપણને કેટલાં વધારે આનંદદાયક લાગત! તેમ જ આખો વખત બોલબોલ કરી કંટાળો આપનાર વ્યક્તિને મળવા જતાં જીભ અત્યારે એના મોમાં નથી, પણ ઘી ચોપડીને કબાટમાં ઊંચી મૂકી છાંડી છે એમ ખાતરી કરીને નિર્ભયપણે આપણે મળવા જઈ શકત. કોઈ પર ગુસ્સે થઈ જઈએ ત્યારે કલહ અને કંકાસના પ્રસંગ ઉપસ્થિત થતાં પહેલા, આપણે મોંમાંથી જીભ બહાર કાઢી ગજવામાં મૂકી દઈ મારામારી ને ગાળાગાળીના પ્રસંગો કેટલી સહેલાઈથી ટાળી શકત! બળવાખોર ભાષણ કરનારાઓને

કોઈ પણ દેશની સરકાર કેદમાં પૂરે છે તેને બદલે તેમની જીભ જપ્ત કરી પોનાની સુરક્ષિતતા વધારે સારી રીતે જાળવી શકત. કદાચ કોઈ વાર જીભની અદલાબદલી પણ થઈ જાત, પણ તેમાં કંઈ નુક્સાન ન થતાં ઊલટો ફાયદો જ થાત. બાળકના મોમાં કોઈ વૃદ્ધની જીભ આવતાં તે અનુભવભરી વાણીના ઉદગારો કાઢી શકત. રામનું રટણ કરનારી જીભ ખ્રિસ્તના ઉપાસકના મોંમાં જઈને, રહીમને ભજનારી જીભ બ્રાહ્મણના મુખમાં જઈ ચડીને રામ, રહીમ ને ગૉડની એકતા આપોઆપ સિદ્ધ કરત. હજીયે ઈશ્વરને આટલો સુધારો કરવાનું સૂઝે તો ખોટું નહિ.

પ્રતિકૂળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યા જવાય એ જીભ આપણને શીખવે છે. આગળ બત્રીસ ભૈયા જેવા મજબૂત દાંત, પાછળ ગળાની ઊંડી ખાઈ, અનેક પ્રકારના, ટાઢા-ઊના , તીખા-ખારા પદાર્થોનો સતત મારો, સંચલન માટે તોછામાં ઓછી જગ્યા , સૂર્યનો જરાય પ્રકાશ ન આવે એવી સાંકડી અંધારી જગ્યામાં લપાઈ રહેવાનું, આવી અનેક પ્રતિકૂળતાઓ છતાં જીભ આનંદથી નિર્ભયપણે પોતાનું કાર્ય કરી જાય છે. ખાનપાનનો રસાસ્વાદ માણી અંદરનો ને મન ને હૃદયના વિચારભાવોને વ્યક્ત કરી બહારનો સંસાર સાચવે છે અને સુખી થવું હોય તો મનુષ્યે સંસારમાં જલકમલવત નહીં, પણ મુખજીભવત રહેવું એવો સાંભળે તેને ઘેરો ને ગૂઢ બોધ વગર બોલ્યે સંભળાવે છે.



પંખ e-magazine
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




**આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?**
**આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.**

## https://wa.me/916355953355

પંખ e-magazine
WhatsApp contact

# ટીમ 'પંખ'

## યાજ્ઞિક વઘાસિયા

## કેયુર દુધાત

## અનંત ગોહિલ

## વિરલ જોશી

## હોઝેફા અગવાન

## ધ્રુવિલ ચોડવડીયા

## મિહિર ગેડિયા

---

**એક પુસ્તક, એક પેન, એક બાળક, એક શિક્ષક - દુનિયા બદલી શકે છે.**

**- મલાલા યુસુફઝાઈ**

# આ અંકમાં સહભાગી કલમો

જ્યોતીન્દ્ર દવે
ભગવતીકુમાર શર્મા
નયન દેસાઈ
રાજેશ વ્યાસ 'મિસ્કીન'

તેજલ શાહ
ડૉ. રંજન જોષી
બંસરી જોષી
અર્ચિંતા દીપક પંડ્યા

---

# ફોટોગ્રાફી

**અમિત સોલંકી (ફ્રન્ટ કવર)**

https://instagram.com/vasco_di_gama_?utm_medium=copy_link

**હોઝેફા અગવાન (બેક કવર)**

https://instagram.com/311_hozu?igshid=YmMyMTA2M2Y=

